| | | |
|---|---|---|
| એસ.સી.વસાવા,<br>કાર્યપાલક ઈજનેર. | | નવો પૂર્વ ઝોન (સરથાણા)–બી, દર્પણ ડેપો,<br>સેફી સોસા.ની બાજુમાં, લંબે હનુમાન રોડ, સુરત.<br>ફોન નં. : ૦૨૬૧–૨૫૪૭૭૫૦, |

નં.ઈ.ઝેડ./આઉટ/૫૨૨૧
તા. ૨૧/૦૩/૨૦૨૩

પ્રતિ,

..............................................

..............................................

..............................................

..............................................

વિષય : નવો પૂર્વ(સરથાણા)ઝોન–બી માં તાપી નદીથી ઉત્તર દિશા તરફના વિસ્તારમાં સમાવિષ્ટ વિવિધ ખાડીઓનું આગામી પ્રિમોન્સુન અંતગર્તની કામગીરી અન્વયે પોકલેન મશીનથી ડ્રેજીંગ/સફાઈ કરવાનું કામ.

સંદર્ભ : સ્થા.સ.ઠ.નં ૬૭૧/૨૦૨૨,તા.૦૫.૦૫.૨૦૨૨ થી મંજુર ભાવો, શરતો અને સ્પેશીફિકેશન મુજબ.

મહાશય

સવિનય જણાવવાનું કે, ઉપરોકત વિષયમાં જણાવેલ કામ સંદર્ભમાં જણાવેલ સ્થા.સ.ઠ.નં.૬૭૧/૨૦૨૨, તા.૦૫/૦૫/૨૨ થી મંજુર ભાવે, શરતો અને સ્પેશીફિકેશન આધિન નીચેના પત્રક મુજબ કામગીરી કરાવવામાં આવનાર છે.

**<u>પરિશિષ્ટ</u>**

| અ.નં. | મશીનરીની વિગત | કામના કલાક | પ્રતિ કલાકનો ભાવ | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧. | પોકલેન મશીન L& TPC:200 | ૫૫૦ | ૧૪૧૩/– | ૭,૭૭,૧૫૦/– |
| ૨. | જેસીબી 3D OR 4CX | ૬૭૫ | ૬૦૦/– | ૪,૦૫,૦૦૦/– |
| ૩. | ડમ્પર | ૧૪૦ | ૩૦૦/– | ૪૨,૦૦૦/– |
| ૪. | ટ્રેકટર | ૯૦૦ | ૧૫૫/– | ૧,૩૯,૫૦૦ |
| | | | કુલ– | **૧૩,૬૩,૬૫૦/–** |

ઉપર જણાવેલ પરિશિષ્ટ મુજબ **૧૩,૬૩,૬૫૦/–** રકમની કામગીરી કરી આપવા માટે સહમત હોવ તો આપની લેખિત સંમતિ, ઈ.એમ.ડી.ની રકમ રૂા.૧૩,૭૦૦/– (અંકે રૂપિયા તેર હજાર સાતસો પુરા)સહિત નીચે સહી કરનારને તા.૦૫/૦૪/૨૦૨૩ સુધીમાં નીચે જણાવેલ અધિકારીશ્રીને મોકલી આપવા પ્રબંધ કરશો. કામ તથા ભાવો અંગેની વિસ્તૃત સમજ માટે આસી.ઈજનેરશ્રી/જુની.ઈજનેરશ્રીનો સંપર્ક કરવો.

ઉપરોકત જણાવેલ કામ અંગે ઈજારદારોએ ઈ.એમ.ડી. તથા રજીસ્ટ્રેશન/અનુભવના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ, સોલવન્સી સર્ટીફીકેટ, જી.એસ.ટી. સર્ટીફીકેટ સંમતિ પત્ર સાથે જમા કરાવવાનું રહેશે. ઉપરોકત જણાવેલ ડોકયુમેન્ટ સિવાયના તથા સમયમર્યાદા બાદ આવેલ સંમતિ પત્રો માન્ય રાખવામાં આવશે નહી.

બિડાણઃ– સ્થા.સ.ઠ.નં ૬૭૧/૨૦૨૨,તા.૦૫.૦૫.૨૦૨૨ ની નકલ.

સહી/–
કાર્યપાલક ઈજનેર
નવો પૂર્વ(સરથાણા)ઝોન–બી
સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૫–૫–૨૦૨૨ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૬–૪–૨૦૨૨ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૭ થી વિદિત થઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમાં આવેલ હયાત ખાડીઓ/કાચી ગટરોને પોકલેન મશીન તેમજ જે.સી.બી. મશીન ધ્વારા ડ્રેજીંગ/ડીસીલ્ટીંગ કરવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર ઓડેદરા કન્સ્ટ્રક્શન કં઼ાં. નું નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિગતેનું કુલ રૂા.૩૭,૨૫,૨૫૦/– નું બિનશરતી ટેન્ડર, તેઓએ તેમના તા.૪–૪–૨૦૨૨ ના પત્રથી કાર્યપાલક ઈજનેરશ્રી, સાઉથ વેસ્ટ ઝોનને ઉદ્દેશીને આપેલ લેખિત સંમતિને આધિન વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું તેમજ સુરત મહાનગરપાલિકાના અન્ય ઝોન વિસ્તારના સમાન પ્રકારના કામોએ પણ સદર ટેન્ડર હેઠળ મંજુર ભાવોને ૧ (એક) વર્ષ માટે યુનિટ રેઈટ તરીકે મંજુર કરવાનું/માન્ય ગણવાનું તથા સમાન પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવનાર અન્ય ઈજારદારોને સદર મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવે અને શરતોને આધિન અન્ય તમામ ઝોનોમાં જરૂર જણાયે આવા પ્રકારની કામગીરી સોંપવા મ્યુ.કમિશનરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**પરિશિષ્ટ**

| કામગીરીની વિગત | કવોન્ટીટી (કુલ કલાક) | પ્રતિ કલાકનો ભાવ | રકમ રૂા. |
|---|---|---|---|
| પોકલેન મશીન L&TPC:200 | ૧૭૫૦ | ૧,૪૧૩/– | ૨૪,૭૨,૭૫૦/– |
| જેસીબી 3D OR 4CX | ૧૨૦૦ | ૬૦૦/– | ૭,૨૦,૦૦૦/– |
| ટ્રેક્ટર | ૧૫૦૦ | ૧૫૫/– | ૨,૩૨,૫૦૦/– |
| ડમ્પર | ૧૦૦૦ | ૩૦૦/– | ૩,૦૦,૦૦૦/– |
| | | કુલ | ૩૭,૨૫,૨૫૦/– |

ઠરાવ નં.૬૭૧/૨૦૨૨ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
સે ક્રે ટ રી,
સુરત મહાનગરપાલિકા
તા.  –૫–૨૦૨૨.

નકલ સાદર રવાના : અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ પ્રતિ.

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"
FOR INFORMATION PURPOSE